


પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૧૮૪ | ૧૩ સપ્ટેમ્બર, ૨૦૧૮, ગુરૂવાર; ભાદરવા સુદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ઔદ્યોગિક ઉત્પાદન આંક ઘટ્યો

**આઈઆઈપી ગ્રોથ જુલાઈમાં ઘટીને ૬.૬ ટકા : આયાતમાં ૨૫ ટકાની વૃદ્ધિ : ટ્રેડ ડેફિસિટનો આંકડો ૧૭.૪ અબજ ડોલર નોંધાયો : પેટ્રોલિયમ જેવા સેક્ટરમાં હેલ્થી પરફોર્મન્સના લીધે નિકાસમાં પણ વધારો થયો : નિકાસનો આંકડો ૧૯.૨૧ ટકા વધીને ૨૭.૮૪ અબજ ડોલર પહોંચ્યો**

નવીદિલ્હી, તા. ૧૨

શેરબજાર અને કોર્પોરેટ જગતમાં જેની ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી રહી હતી તે આઈઆઈપી ગ્રોથનો આંકડો આજે જારી કરી દેવામાં આવ્યો હતો. આ આંકડો જુલાઈ મહિના માટેનો જારી કરવામાં આવ્યો હતો. જૂન મહિનામાં આઈઆઈપી ગ્રોથનો આંકડો ૬.૯ ટકા હતો જે જુલાઈ મહિનામાં ઘટીને ૬.૬ ટકા થયો છે. મેન્યુફેક્ચરિંગ સેક્ટરમાં મંદીના પરિણામ સ્વરુપે આ અસર થઈ છે. જુલાઈ મહિનામાં ઈન્ડસ્ટ્રીયલ આઉટપુટનો આંકડો ૬.૬ ટકા રહેવા માટે અન્ય પરિબળો પણ છે. પાંચ મહિનાની ઉંચી સપાટીથી આ આંકડો નીચે પહોંચી ગયો છે. મેન્યુફેક્ચરિંગ સેક્ટરમાં સૌથી નિરાશાજનક સ્થિતિ રહી છે. આ ઈન્ડેક્સમાં ગ્રોથ ૭ ટકાનો રહ્યો છે જે જુનમાં ૬.૯ ટકાની આસપાસનો હતો. ઈન્ડેક્સનો આંકડો ૭૭.૬ ટકા રહ્યો છે. જીડીપીના આંકડા હાલમાં જ જારી કરવામાં આવ્યા હતા જેમાં આસાસ્પદ ચિત્ર ઉપસી આવ્યું હતું. ઈલેક્ટ્રીસિટી જનરેશનમાં જુલાઈ મહિનામાં ૬.૭ ટકાનો વધારો થયો હતો જ્યારે જૂન મહિનામાં આ આંકડો ૮.૫ ટકાનો રહ્યો હતો. માઈનિંગમાં ગ્રોથ ૩.૭ ટકા હતો જે અગાઉ ૬.૬ ટકાનો હતો. મેન્યુફેક્ચરિંગમાં ૨૩ સબ સેક્ટરોમાં ૨૦ સેક્ટરોમાં મંદીની સ્થિતિ જોવા મળી રહી છે. આગામી દિવસોમાં અન્ય આંકડાઓની પણ સીધી અસર જોવા મળી શકે છે. અન્ય આંકડાઓ પણ જારી કરવામાં આવ્યા હતા. વાણિજ્ય અને ઉદ્યોગમંત્રી સુરેશ પ્રભુએ કહ્યું હતું કે, ઓગસ્ટ ૨૦૧૮માં એક્સપોર્ટનો કારોબાર ૨૭.૮૪ અબજ ડોલરનો રહ્યો છે જેમાં ૧૯.૨૧ ટકાનો પોઝિટિવ ગ્રોથ નોંધાયો છે. પેટ્રોલિયમ સિવાય નિકાસનો આંકડો ૧૭.૪૩ ટકાનો પોઝિટિવ ગ્રોથ દર્શાવે છે. જ્યારે આયાતમાં ઓગસ્ટમાં ૨૫.૪૧ ટકા સુધીનો વધારો થયો છે. અને આ આંકડો ૪૫.૨૪ અબજ ડોલરનો રહ્યો છે. ક્રૂડ ઓઈલની વધતી જતી કિંમતના પરિણામ સ્વરુપે આ સ્થિતિ સર્જાઈ છે.



બાપા મારિયા રે.... - આજે ગણેશ ચતુર્થીના પાવન પર્વે દેશભરમાં ભારે ધામધૂમથી ગણપતિ ઉત્સવ ઉજવાશે... વિઘ્નહર્તા ગણેશજીને આવકારવા મહારાષ્ટ્ર સહિત દેશના ખૂણે ખૂણે ભારે થનગનાટ અનુભવાય છે... આજે ગણપતિ બાપાના ચરણોમાં પાર્થીએ કે, દેશના વિકાસમાં આડે આવતા વિઘ્નો નાથીને કલ્યાણ અને વિકાસનો ભાવનો સતત અહેસાસ કરાવતા રહો.... ૐ ગં ગણપતેય નમઃ.....

## યોગી કેબિનેટમાં ટુંકમાં જ મોટા ફેરફારો કરાશે

લખનૌ,તા. ૧૨

મુખ્યપ્રધાન યોગી આદિત્યનાથના નેતૃત્વમાં ભાજપ સરકાર આગામી મહિનામાં પ્રધાનમંડળમાં મોટા ફેરફાર કરવાની તૈયારીમાં છે. હાલમાં યોજાયેલી પેટાચૂંટણીમાં હારનો સામનો કર્યા બાદ ભાજપે નવા સામાજિક સમીકરણને ધ્યાનમાં લઈને આ તૈયારી શરૂ કરી છે. નવી રણનિતીને અપનાવવામાં આવે તેવી શક્યતા છે. પ્રધાનમંડળમાં કેટલાક નવા ચહેરાને સામેલ કરવામાં આવી શકે છે. જ્યારે કેટલાક હાલમાં નિષ્ક્રિય રહેલા દિગ્ગજોની ખુરશી જઈ શકે છે. અથવા તો તેમને ઓછા મહત્વવાળા ખાતામાં મોકલી શકાય છે. સુત્રોની વાત પર વિશ્વાસ કરવામાં આવે તો લોકસભા ચૂંટણીની તૈયારીની સાથે સાથે પાર્ટી અને સરકારમાં ફેરફારના મુદ્દા પર ખાસ ચર્ચા કરવામાં આવનાર છે. સંગઠન પ્રધાન સુનિલ બંસલ આ બેઠકમાં યુપી સાથે સંબંધિત રીપોર્ટ કાર્ડ રજૂ કરનાર છે. જેના આધાર પર ફેરફાર કરવામાં આવનાર છે. ગોરખપુર, ફુલપુર તેમજ કૈરાના અને નુરપુરમાં ભાજપની કારમી હાર થયા બાદ લોકસભા ચૂંટણીની વધારે આક્રમક તૈયારી હાથ ધરવાની તૈયારી કરવામાં આવી છે. કેટલાક પ્રધાનોના બદલી નાંખવામાં આવે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. યોગી કેબિનેટમાં કોઈ ગુર્જર નેતાને પણ તક મળી શકે છે.

## પેટ્રોલ-ડિઝલના ભાવવધારામાં બ્રેક

**પેટ્રોલ-ડિઝલની કિંમત પ્રશ્ને દખલગીરીનો કોર્ટનો ઇન્કાર : છ દિવસ વધારો થયા બાદ ભાવ વધારા પર બ્રેક : પેટ્રોલ અને ડીઝલ કિંમતમાં વધારો રોકાઇ જતા સામાન્ય લોકોને રાહત થઇ**

નવી દિલ્હી,તા. ૧૨

પેટ્રોલ અને ડીઝલની કિંમતના મામલામાં કોઈપણ દરમિયાનગીરી કરવાનો આજે દિલ્હી હાઈકોર્ટે સાફ ઈન્કાર કર્યો હતો. કોર્ટે આને પોલિસી સાથે જોડાયેલા નિર્ણય તરીકે ગણાવ્યો હતો. એક જનહિત અરજી ઉપર સુનાવણી કરતી વેળા બુધવારના દિવસે કોર્ટે આજે આ મુજબની પ્રતિક્રિયા આપી હતી. પેટ્રોલ અને ડીઝલની વધતી જતી કિંમતો વચ્ચે આજે આંશિક રાહત મળી હતી. છ દિવસ બાદ રાહત મળતા દિલ્હી અને મુંબઈમાં રેટમાં વધારો કરવામાં આવ્યો ન હતો. કોલકાતામાં પેટ્રોલ અને ડીઝલની કિંમત એક રૂપિયો ઘટી છે. બંગાળ સરકારે એક રૂપિયાનો ઘટાડો કર્યો છે. ચેન્નાઈમાં ઓઈલ કંપનીઓએ પેટ્રોલ અને ડીઝલમાં બે પૈસાનો નજીવો ઘટાડો કર્યો છે. તેલ કંપનીઓએ પાંચમી સપ્ટેમ્બરને બાદ કરતા ૨૯મી ઓગસ્ટથી ૧૧મી સપ્ટેમ્બર વચ્ચેના ગાળામાં પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં સતત વધારો કરવામાં આવ્યો છે. ક્રૂડની કિંમત વધતા અને ડોલરની સરખામણીમાં રૂપિયામાં ઘટાડો થતાં કંપનીઓ માટે ક્રૂડની આયાત મોંઘી થઈ છે. તીવ્ર મોંઘવારીનો સામનો કરી રહેલા સામાન્ય લોકોને આજે મોટી રાહત થઈ હતી. કારણ કે સતત છ દિવસ સુધી પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં વધારો ઝીંકવામાં આવ્યા બાદ આજે ભાવ વધારો રોકાઈ ગયો હતો. આજે બુધવારના દિવસે કોઈ વધારો કરવામાં આવ્યો ન હતો. પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં વધારાના કારણે તમામ રાજ્યો પર દબાણ આવી રહ્યુ છે. આ દબાણ વચ્ચે કેટલાક રાજ્યો વેટમાં ઘટાડો કરી ચુક્યા છે. જેમાં રાજસ્થાન અને આંધ્રપ્રદેશ બાદ હવે પશ્ચિમ બંગાળમાં વેટમાં ઘટાડો કરવામાં આવ્યો છે. જેથી આ ત્રેણય રાજ્યોમાં પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં ઘટાડો થયો છે.

● અનુસંધાન પાન-૭ પર

## રૂપિયાના અવમુલ્યને રોકવા ટૂંક સમયમાં જ બેઠક મળશે

**રૂપિયાના અવમુલ્યને રોકવા ચર્ચા કરાશે : પેટ્રોલિયમ પેદાશોની કિંમતોમાં વધારાના સંદર્ભમાં કોઇ મોટો નિર્ણય થાય તેવી શક્યતા : આયાતની કિંમત વધી**

નવી દિલ્હી, તા. ૧૨

ડોલર સામે રૂપિયામાં સતત ઘટાડો થઈ રહ્યો છે. આ સપ્તાહના છેલ્લા ગાળામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઈકોનોમિક રિવ્યુની મહત્વપૂર્ણ બેઠક બોલાવી શકે છે જેમાં રૂપિયાના અવમૂલ્યને રોકવા માટે જુદા જુદા પગલા પર વિચારણા કરવામાં આવે તેવી શક્યતા દેખાઈ રહી છે. જાણકાર લોકોનું કહેવું છે કે, સરકાર પેટ્રોલિયમ પેદાશોની વધતી જતી કિંમતોમાં ધ્યાન આપીને કોઈ મોટી જાહેરાત પણ કરી શકે છે. ચાલુ ખાતાકીય ખાધ અને ચીન-અમેરિકામાં ટ્રેડવોરના પરિણામ સ્વરુપે રૂપિયામાં ઘટાડો થઈ રહ્યો છે. નાણાંકીય વર્ષના આ ત્રિમાસિક ગાળામાં વર્તમાન ખાતાકીય જીડીપીનો આંકડો ૨.૪ ટકા થઈ ગયો છે જે આશરે ૧૬ અબજ ડોલરની આસપાસનો છે. મૂડીના રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, નાણાંકીય વર્ષ ૨૦૧૯માં ભારતના સીએડી જીડીપીનો આંકડો ૨.૫ ટકા થશે. આજે સવારે કારોબાર શરૂ થયા બાદ ડોલર સામે રૂપિયામાં અફડાતફડી રહી હતી.

## ન્યુઝ ટ્રેક

### સરદારસિંહ રાણાનો આંતરરાષ્ટ્રીય હોકીમાંથી સન્યાસ

પૂર્વ ભારતીય હોકી કેપ્ટન સરદારસિંહ રાણાએ આંતરરાષ્ટ્રીય હોકીમાંથી નિવૃત્તિ જાહેર કરી છે. એશિયન ગેમ્સમાં નિરાશાજનક પ્રદર્શન બાદ તેઓએ આ નિર્ણય લીધો છે.

### પાક.માં કોલસાની ખાણમાં વિસ્ફોટ : ૯ના મોત

પાકિસ્તાનના ખૈબર પખ્તુનખ્વા પ્રાંતમાં કોલસાની ખાણમાં ભયંકર વિસ્ફોટ થયો હતો. જેમાં ૯ના મોત નિપજ્યા છે. ખાણમાં આ વિસ્ફોટ મીથેન ગેસના કારણે થયો હતો.

### અડવાણી સંસદ આચાર સમિતિના પુનઃ અધ્યક્ષ

લોકસભા અધ્યક્ષ સુમિત્રા મહાજને ભાજપના વરિષ્ઠ નેતા લાલકૃષ્ણ અડવાણીને સંસદની આચાર સમિતિના અધ્યક્ષપદે પુનઃ નિમણૂંક કરી છે. આચાર સમિતિ સંસદ સભ્યોના વ્યવહાર અને આચરણ સંબંધી ફરિયાદો પર વિચાર કરે છે.

### સિદ્ધુની તકલીફોમાં વધારો

વર્ષ ૧૯૮૮માં પટિયાલા રોડરેજ કેસમાં પૂર્વ ક્રિકેટર અને પંજાબના મંત્રી નવજ્યોતસિંહ સિદ્ધુની તકલીફો વધી છે. સુપ્રિમ કોર્ટે આ મામલે ફરીથી પરીક્ષણ કરવાનો નિર્ણય લીધો છે. સુપ્રિમ કોર્ટ હવે નક્કી કરશે સિદ્ધુને જેલ થશે કે નહી.

### પાંચ ડાબેરી વિચારકો સોમવાર સુધી નજરબંધ રહેશે

ભીમા કોરેગાંવ હિંસા કેસમાં જોડાયેલા ૫ ડાબેરી વિચારકોને આગામી સોમવાર સુધી નજરબંધ જ રાખવામાં આવશે. સુપ્રીમ કોર્ટમાં આ મામલે બુધવારે સુનાવણી થવાની હતી પરંતુ તે ટાળી દેવામાં આવી છે. હવે આગામી સુનાવણી ૧૭ સપ્ટેમ્બરે થશે.



**હવે તો હદ થાય છે...** - કાયદાની તો થોડી શરમ ભરો... અમારા માટે નહિ પણ તમારા માટે, તમારા બાળકો માટે, તમારા પરિવાર માટે કાયદાનું પાલન કરો... આ શબ્દો માત્ર ફરજ બજાવતા વિનમ્ર પોલીસ કોન્સ્ટેબલના જ નથી પરંતુ સમાજના ખૂણે ખૂણે પથરાયેલા સમાજ ચિંતકોના છે... એક સાથે છ બાળકો સહિત દંપત્તિની બાઈક સવારી કેટલી જોખમી ગણી શકાય એ તો ભગવાન સીવાય કોઈ જવાબ ન આપી શકે... સામાન ખીચોખીચ બાળકોની બેઠકથી ભીડોભીડ સવારી નિહાળીને ફરજ પરનો કોન્સ્ટેબલ પણ ચાલકની હિંમતને વંદન કરે છે... ભાઈ હવે આવું કર્યું એવું ના કરતો.... એટલું જ નહિ ગુજરાતમાં ક્યાંય પણ ડીસાના માર્ગ પર સર્જાયેલું આવું દશ્ય ન ઉભું થાય એવી પ્રાર્થનાનો ભાવ છતો થાય છે...

## બિહાર અને બંગાળ સહિત પૂર્વોત્તર ભારતમાં ધરતીકંપ

**ધરતીકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૫.૫ નોંધાઈ : ૧૫થી ૨૦ સેકન્ડ સુધી આંચકો અનુભવાયો : જાનમાલનું નુકસાન ટળ્યું : લોકો મકાન-ઓફિસથી બહાર દોડી ગયા**

નવી દિલ્હી,તા. ૧૨

બિહાર, પશ્ચિમ બંગાળ અને પૂર્વોત્તર ભારતના કેટલાક વિસ્તારોમાં આજે સવારે ભૂકંપનો પ્રચંડ આંચકો આવ્યો હતો. રિક્ટર સ્કેલ ઉપર આની તીવ્રતા ૫.૫ આંકવામાં આવી હતી. ૧૫થી ૨૦ સેકન્ડ સુધી લોકોએ આંચકો અનુભવ કર્યો હતો. ભૂકંપનું કેન્દ્ર આસામના કોકરાઝાર શહેરથી બે કિલોમીટરના અંતરે ઉત્તરમાં સ્થિત હતું. આસામ, બિહારના પૂર્ણિયા, અરેરિયા, કટીહાર, કુચબિહાર, કિશનગંજ અને પટણામાં પણ આંચકો અનુભવાયો હતો. પશ્ચિમ બંગાળના જલપાઈગુડીના અનેક વિસ્તાર ભૂકંપના આંચકાના કારણે હચમચી ઉઠ્યા હતા. ભૂકંપના કારણે ઘરના પંખા ધ્રુજવા લાગી ગયા હતા. લોકો ઘર અને ઓફિસની બહાર દોડી ગયા હતા. કોલકાતા અને આસપાસના વિસ્તારોમાં પણ અસર રહી હતી. નેશનલ સિસ્મોલોજી સેન્ટરના નિર્દેશક વિનિત ગહેલોતે કહ્યું હતું કે, ભૂકંપ જમીનની સપાટીથી ૧૦થી ૧૨ કિલોમીટર નીચે રહ્યું હતું. આસામ, નાગાલેન્ડ અને મણિપુરમાં પણ આંચકા અનુભવાયા હતા.




## વિજય માલ્યાના પ્રત્યાર્પણ અંગે ૧૦ ડિસેમ્બરે ફેંસલો

**બ્રિટનની કોર્ટમાં સુનાવણી હાથ ધરવામાં આવી : કિંગફિશર દ્વારા લેવાયેલી લોનની સાથે સંબંધિત ક્રિમિનલ પગલાઓનો સામનો કરવા માલ્યાને ભારત મોકલી શકાય**

લંડન, તા. ૧૨

વિવાદોમાં ઘેરાયેલા શરાબ કારોબારી વિજય માલ્યાના સંદર્ભમાં ચુકાદો ૧૦મી ડિસેમ્બરના દિવસે જાહેર કરવામાં આવશે. ફ્રોડના આરોપોનો સામનો કરવા ભારતમાં બ્રિટનથી પ્રત્યાર્પણ કરીને વિજય માલ્યાને મોકલવામાં આવશે કે કેમ તે અંગે ૧૦મી ડિસેમ્બરના દિવસે ફેંસલો થશે. ઈંગ્લેન્ડના ચીફ મેજિસ્ટ્રેટ ઈમા અરબથનોટ દ્વારા આજે આ મુજબની માહિતી આપવામાં આવી હતી. તેમની નિષ્ક્રિય બની ગયેલી કિંગફિશર એરલાઈન્સ દ્વારા લેવામાં આવેલી લોન સાથે સંબંધિત ફોજદારી કાર્યવાહીનો સામનો કરવા બ્રિટનથી ૬૨ વર્ષીય કારોબારીને ભારત મોકલવાની માંગણી ભારત સત્તાવાળાઓ દ્વારા કરવામાં આવી છે. ૧.૪ અબજ ડોલરની વસુલાત માટે ભારતીય સત્તાવાળાઓ દ્વારા તમામ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. પોતાની અંતિમ રજૂઆતમાં માલ્યાના વકીલે કહ્યું હતું કે, ભારત તેમની સામે રહેલા પુરાવાને રજૂ કરવામાં નિષ્ફળ રહ્યું છે. પ્રત્યાર્પણ માટે જરૂરી દસ્તાવેજો સરકાર આપી શકી નથી. બીજી બાજુ વિજય માલ્યાએ એમ કહીને સરકારની ચિંતા વધારી દીધી છે કે, તેઓ વિદેશ આવતા પહેલા જેટલીને મળ્યા હતા. માલ્યાએ દાવો કર્યો હતો કે, બે વર્ષ અગાઉ ભારત છોડતા પહેલા તેઓ નાણામંત્રી અરુણ જેટલીને મળ્યા હતા. માલ્યાના નિવેદન તરફ ધ્યાન દોરવામાં આવ્યા બાદ જેટલીએ ફેસબુક પેજમાં કહ્યું હતું કે, વિજય માલ્યા દ્વારા મિડિયાને આપવામાં આવેલા નિવેદન તરફ તેઓ ધ્યાન દોરી રહ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર